### ગ્રામ પંચાયતનો ચૂંટણી જંગ

## જિલ્લાની ૪.૮૨ લાખ મહિલા મતદારો નિર્ણાયક બનશે, ઉમેદવારો દ્વારા મહિલા મતદારોને રીઝવવાના પ્રયાસ શરૂ

બાયડ, તા. ૭

જિલ્લાની ૫૫૮ ગ્રામ પંચાયતોની સામાન્ય અને પેટા ચૂંટણીનું રણશિંગુ ફૂંકાયા પછી મંગળવાર બપોરે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થયું છે. ત્યારે ચૂંટણી જંગમાં ૪,૮૨,૩૩૭ મહિલા મતદારો દરેક ઉમેદવારો માટે ટ્રમ્પકાર્ડ સાબિત થશે. ઉમેદવારો દ્વારા મહિલા મતદારોને રીઝવવાના પ્રયાસના ભાગરૂપે સમયસર પીવાનું પાણી, સ્વચ્છતા ઝુંબેશ સહિતના વચનો આપવાની શરૂઆત થઈ છે.

રાજ્યમાં આગામી તા.૧૯ ડિસેમ્બરે ગ્રામ પંચાયતની ચૂંટણી જંગ યોજાવવાનો છે. મુખ્ય રાજકીય પક્ષો તેને વિધાનસભા ચૂંટણી પહેલાંની ૧૧ મહિના અગાઉની સેમી ફાઈનલ તરીકે જોઈ રહ્યા છે. ઉમેદવારીપત્રો ભરાયા પછી કેટલાક રાજકીય પક્ષોના આગેવાનો દ્વારા ગ્રામ પંચાયતો સમરસ થાય તેના પ્રયત્નમાં લાગવાની સાથે શામ, દામ, દંડની નીતિ અખત્યાર થઈ રહી છે. તા.૬ ડિસેમ્બરે ઉમેદવારીપત્ર ચકાસણી પછી સરપંચ અને વોર્ડ ઉમેદવારો ઉપર અનેક પ્રકારના પ્રેશર શરૂ થવાની સંભાવના છે. જિલ્લામાં યોજાનારી ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ૯,૮૯,૧૫ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે તે પૈકી ૪.૮૨ લાખ મહિલા મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે તે જોતાં મહિલા મતદારોને પોતાની તરફેણમાં કરનારા સરપંચ અને વોર્ડના મોટાભાગના ઉમેદવારો વિજયી બને તેવાં ગણિત મંડાઈ રહ્યાં છે.

**તાલુકામાં નોંધાયેલા સ્ત્રી મતદારો...**

| | | | |
|---|---|---|---|
| હિંમતનગર | ૬૮,૩૧૫ | વિજયનગર | ૨૪,૧૮૦ |
| ઈડર | ૭૦,૪૨૭ | મોડાસા | ૨૮,૯૫૫ |
| વડાલી | ૧૮,૮૮૦ | ભિલોડા | ૭૧,૮૯૮ |
| ખેડબ્રહ્મા | ૧૭,૦૦૨ | મેઘરજ | ૩૨,૪૨૧ |
| પોશીના | ૧૭,૦૭૩ | બાયડ | ૫૩,૮૬૬ |
| પ્રાંતિજ | ૨૩,૪૬૨ | માલપુર | ૨૨,૦૫૨ |
| તલોદ | ૨૧,૦૯૫ | ધનસુરા | ૧૯,૮૩૪ |

## જિલ્લામાં ઠંડીમાં રાહત, પરંતુ તાપમાનનો પારો ઉચકાતાં ખેડૂતો ચિંતિત

### દિવસે તાપમાનનો પારો ૨૮ ડિગ્રીને આંબ્યો, ઉંઘ હરામ

બાયડ, તા. ૭

જિલ્લામાં કમોસમી માવઠા પછી ઠંડીનો ચમકારો હાવિ થયો અને ૨ દિવસથી ઠંડીમાં રાહત પરંતુ તાપમાનનો પારો ઉચકાતાં ખેડૂતો ચિંતિત જણાઈ રહ્યા છે. સોમવારે જિલ્લામાં તાપમાનનો પારો બપોરે ૨૮ ડિગ્રીને આંબતાં રવી વાવેતર કરનારા ખેડૂતોની ઉંઘ હરામ થઈ છે. જ્યારે માવઠા પછી ગાત્રો થીજવતી ઠંડીના બદલે ઠંડીનું પ્રમાણ ઘટતાં અનેક ખેડૂતોએ ઘઉં, રાયડો અને જીરૂની વાવણીમાં થોભો અને રાહ જુઓની નીતિ અખત્યાર કરી છે.

ડિસેમ્બર મહિનો સડસડાટ આગળ વધી રહ્યો છે. મહિનાના આરંભે કમોસમી માવઠાએ ખેડૂતોની હાલત બગાડી નાખી હતી. જ્યારે કમોસમી માવઠાના કારણે ખેતીમાં રોગચાળાનો ઉપદ્રવ સામે આવી રહ્યો છે.

માવઠા પછી આકાશ સ્વચ્છ થયું અને ઠંડીની તિવ્રતા વધતાં રવી વાવેતર કરનાર ખેડૂતો ખુશ જણાઈ રહ્યા છે પરંતુ ગતરોજ સમી સાંજથી જાણે કે શિયાળો હજુ શરૂ થયો નથી તેવી સ્થિતિ જોવા મળી. જ્યારે સોમવારે બપોરે તાપમાનનો પારો ૨૮ ડિગ્રીને આંબી જતાં લગ્નના અવસરમાં પણ પંખા મૂકવા પડે તેવી સ્થિતિ હવામાને લાવી દીધી છે. વારંવારના હવામાન પલ્ટાવથી ખેડૂતો હવે નાસીપાસ થયા છે. આજ રીતે તાપમાનમાં ફેરબદલાવ જોવા મળશે તો રવી વાવેતર વિસ્તાર ઘટે તેવી દહેશત સેવાય છે.

## અરવલ્લીમાં સ્ત્રી રોગ ડૉક્ટર કોરોનામાં સપડાતાં ભય

### ડોક્ટરના સંપર્કમાં આવેલા દર્દીઓ અને સ્ટાફની ઉંઘ હરામ

બાયડ તા.૦૭

અરવલ્લીના ભિલોડાના સ્ત્રી રોગ ર્ડા. મનિષ પરમાર(મૈત્રી હોસ્પિટલ) કોરોનામાં સપડાતાં ભય વ્યાપ્યો છે. ર્ડાક્ટરના સંપર્કમાં આવેલા દર્દીઓ અને સ્ટાફની ઉંઘ હરામ થઈ છે. જ્યારે ર્ડાક્ટરની ટ્રાવેલ હિસ્ટ્રી જાણ્યા પછી આરોગ્ય વિભાગ દ્વારા ઉચિત પગલાં ભરવામાં આવ્યા છે. જ્યારે હોસ્પિટલના સ્ટાફમાં પણ કોઈ શંકાસ્પદ લક્ષણ છે કે કેમ તે પણ તંત્ર દ્વારા ચકાસવામાં આવ્યું છે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ગ્રામ પંચાયતોના ચુંટણીજંગમાં ખરાખરીનો ખેલ આજથી આરંભ થઈ રહ્યો છે. તે પૂર્વે મોડાસા ત્યાર પછી ભિલોડામાં કોરોનાએ દસ્તક દેતાં આરોગ્ય વિભાગમાં હલચલ મચી છે. જે પણ કોરોનાગ્રસ્ત દર્દીઓ નોંધાયા તેઓએ હરિદ્વાર અને કચ્છનો પ્રવાસ કર્યાનું બહાર આવતાં ફરી એકવાર જિલ્લામાં અન્ય જિલ્લાથી પ્રવેશતાં તમામ લોકોના કોરોના ટેસ્ટ કરવા આવશ્યક બન્યા છે. કારણ કે અન્ય જિલ્લાનો ચેપ સાબરકાંઠા પછી અરવલ્લી જિલ્લાને હચમચાવી રહ્યો છે. જ્યારે ખાનગી સુત્રોનું માનીએ તો કોરોનાના ૫૦ વધુ શંકાસ્પદ કેસ હોવાની આશંકા છે. આ સંજોગોમાં ચુંટણી પ્રચાર દરમિયાન સામાન્ય લાપરવાહી સમગ્ર જિલ્લામાં કોરોના વિસ્ફોટને જન્મ આપી શકે છે. જ્યારે જિલ્લાના બાયડ, ધનસુરા, માલપુર, મેઘરજ, તાલુકાઓમાં પણ અન્ય જિલ્લા તેમજ અન્ય રાજ્યમાંથી લગ્નસરાના અવસરમાં આવેલા લોકો કોરોનાના વાહક બને તેવી પૂરેપૂરી સંભાવના છે. લગ્ન સમારંભોમાં પણ જે રીતે સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્ક પહેરવાનું ભુલાયું છે તે જોતાં પ્રજાનો લાપરવાહી ભારે પડી શકે છે.



તક્ષશિલા વિદ્યાલય બાયડ ખાતે "બાલ રમતોત્સવ " નું આયોજન કરવામાં આવ્યું હતું "તક્ષશિલા ગુરુકુલમ "સુંદરપુરા ખાતે શાળા ના નવીન કેમ્પસ ના વિશાળ મેદાન મા દ્વવ થી ધોરણ ૨ સુધી ના ગુજરાતી એને અંગ્રેજી માધ્યમ ના વિદ્યાર્થી ઓ એ ભાગ લીધો હતો જેમાં નાના બાળકો ની વિવિધ પ્રકાર ની રમતો યોજવામાં આવી હતી વિદ્યાર્થી ઓ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો જેમાં પ્રથમ, ધ્વિતીય, એને તૃતીય નંબર આપવામાં આવ્યા હતા. સંસ્થા ના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અતુલભાઈ પટેલે શિક્ષણ ની સાથે સાથે બાળકો ના વિકાસ માટે આવા રમતોત્સવનું આયોજન કરવા બદલ શિક્ષકમિત્રો ને અભિનંદન પાઠવ્યા હતા.

## પ્રાકૃતિક ખેતીથી ખેડૂતોને પ્રશિક્ષિત કરતા સગરામપુરા કંપાના યુવા ખેડૂત

### શિક્ષણ-ટેકનોલોજી અને ખેતીના સમન્વયથી કૃષિની નવી દિશા ચિંધી : પ્રાકૃતિક ખેતી તમામ સમસ્યાઓનું સમાધાન અને નિરોગી જીવનનો પથ છે.

બાયડ તા.૭

વર્ષોથી રાસાયણીક ખેતી થતી હોય એવા પરિવારના વ્યવસાયે એન્જિનિયર યુવાન ખેડૂતને વિચાર આવે કે, કૃષિક્ષેત્રે અદ્યતન ટેક્નોલોજીના ઉપયોગ અને અવનવા સંશોધનોના કારણે કૃષિ ઉત્પાદન તો મબલખ મળે પણ સામે ખર્ચનું પ્રમાણ કેટલું મોટું ? આ રીતે ખેડૂત ખેતીમાં કઈ રીતે લાંબા ગાળા સુધી ટકી શકે.

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના સગરામપુરા કંપાના યુવાન એન્જિનીયર પણ ખેતીમાં વિશેષ રસ ધરાવતા દીક્ષિતભાઈ પટેલ આવુંજ વિચારે છે, અને એટલે જ દીક્ષિતભાઈ પોતાનો ધીકતો એન્જીનીયરીંગનો ધંધો છોડી, ગાંધીનગરની પોતાની ઓફીસને ખેડુત તાલીમ કેંદ્રમાં ફેરવી પ્રકૃતિ ખેતી તરફ ખેડૂતો વળે તે માટે સુભાષ પાલેકરજીની સાથે સાથે પોતે પણ ગુજરાતના ગામડાઓ ખુંદી પ્રાકૃતિક ખેતીનો પ્રચાર-પ્રસાર કરવામાં લાગી ગયા છે.

ખર્ચ બચી જાય છે. અમે માત્ર બે ગાયના ગોબર અને ગૌ-મૂત્ર અને અન્ય પ્રાકૃતિક પદાર્થોમાંથી જીવામૃત ઘનજીવામૃત બનાવીએ છીએ. કોઈપણ જાતના અન્ય ખાતરની જરૂર રહેતી જ નથી જીવામૃત ત્રણ ત્રણ મહિનાની છાંટીએ તો પણ ઉત્તમ પરિણામ મળે છે.

આજે મારા ખેતરમાં અંદાજે ૩૦થી ૪૦ કિલો સુધીની કેળાની લુમ છોડ પર ઝૂલી રહી છે. હાલ અઢી એકરમાં કેળાની ખેતી કરી છે અને બાકીના અઢી એકરમાં શાકભાજીનું વાવેતર કર્યું છે. કેળાના ખેતરમાં ૩૦૦૦ છોડ છે. ૧૬ કિલોની લૂમ સહેજે મળે છે એ જોતા અંદાજે ૨૦ મેટ્રિકટન કેળાનું ઉત્પાદન થાય હોલ સેલ બજારમાં રૂ.૩૦ના કિલોના ભાવે વેચાય છે. રિટેલમાં રૂ. ૪૦-૪૫ના ભાવે વેચાય આ ગણતરી કરતાં રૂ. અઢી એકરમાં ૧૨ થી ૧૩ લાખની કેળાની ખેતીની આવક થાય છે.



દીક્ષિતભાઈ કહે છે કે, વ્યવસાયે મારા પિતા ખેડૂત, પરંતુ હું વ્યવસાયે એન્જિનિયર છું એન્જિનિયરિંગ માં ભણ્યા પછી હું એન્જિનિયરિંગ ક્ષેત્રમાં વ્યવસાયે ગયો, પરંતુ ખેતી મારા બાપ-દાદા નો વ્યવસાય હોવાથી ખેતીમાં પણ મને એટલો જ રસ હતો. હું પણ રાસાયણિક ખેતી જ કરતો પરંતુ તેમાં ખર્ચ વધુ અને નફો ઓછો મળતો હોવાથી મને એમ થયું કે આપણે બહુ ખોટા રસ્તે છિએ. શોધ કરતા કરતા રાજીવ દીક્ષિતના પ્રવચનો મારા સાંભળવામાં આવ્યા તેમાંથી મને ઘણી પ્રેરણા મળી ત્યારબાદ મને સુભાષ પાલેકરજીનો ઓનલાઈન સંપર્ક થયો. તેમનું કૃષિ સંબંધિત તમામ સાહિત્ય ઓનલાઇન વાંચ્યા પછી વર્ષ ૨૦૧૫માં ત્રણ દિવસની વર્કશોપમાં જોડાયો. ૨૦૧૬થી હું સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી તરફ વળ્યો છું જેના મને ખૂબ જ સુંદર પરિણામો મળ્યા છે.

આ પરિણામો બાદ ખેતી તરફનો મારો અભિગમ બદલાયો પ્રકૃતિ ખેતીનો વ્યાપ વધારવાના કાર્યમાં હું પોતે પણ લાગી ગયો. આજે મેં મારો એન્જિનિયરીંગનો વ્યવસાય છોડી સંપૂર્ણ ખેડૂત બની ગુજરાતના ખેડૂતો સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે અમે વર્કશોપ યોજીને તાલિમ આપી રહ્યા છીએ.

અમારા ખેતરમાં કેળાની દેશી ગાંઠ રૂ ૪/-ની મળે છે તે વાવી છે. આ ગાંઠ એક વખત વાવ્યા પછી તે વર્ષો વર્ષ ચાલ્યા જ કરશે. જેથી એક મોટો

વધુમાં દીક્ષિત ભાઈ જણાવે છે કે બાકી અઢી એકર જમીનમાં અલગ અલગ પ્રકારની શાકભાજીની ખેતી કરું છું અમે એક સાથે શાકભાજી વાવવાને બદલે અલગ અલગ સમયે જુદી-જુદી શાકભાજી વાવીએ છીએ. જેમાં હાલ હળદર, આદુ, મેથી, લસણ, ડુંગળી વગેરે તેમજ ફળમાં પપૈયા, તરબૂચ સક્કરટેટી જેવા ફળો કરૂ છે. કેળા -શાકભાજીની ખેતીની વાત કરીએ તો આ ખેતરમાંથી ૧૮થી ૨૦ લાખ મને મળવા જોઈએ એવું મારું લક્ષ્યાંક છે.

દિક્ષિતભાઈ હાલ ગાંધીનગર ખાતે રહે છે. ખેતી માટે દસેક દિવસે ગામડે આવે છે.પોતાની જમીનમાં સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરે છે. આ ખેતી પ્રકૃતિ, પાણી, આરોગ્ય, પર્યાવરણ તમામ સમસ્યાઓનુ સમાધાન છે.

દીક્ષિતભાઈએ અત્યાર સુધીમાં ગુજરાતના ૨૫ હજારથી વધુ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ તરફ વાળવા તાલીમ અને માર્ગદર્શન આપ્યું છે તેમનુ કૃષિ ઉત્પાદન જોઈ આસપાસના ખેડૂતો પણ આ ખેતી તરફ વળ્યા છે, જે આપણા માટે ખુબ જ સારી વાત છે. પ્રાકૃતિક ખેતી હાલની તમામ સમસ્યાઓનું સમાધાન કરનારી અને નીરોગી તંદુરસ્ત જીવન આપનારી ખેતી બનશે. ખેડૂતોનો ખર્ચ ઘટાડવાથી અને ઉત્પાદન વધવાથી ભવિષ્યમાં ખેડૂતોની આવક બમણી થશે સાથે તમામ લોકોનું જીવન નિરોગી બનશે.

## ચૂંટણી જંગ... જિલ્લા વહીવટીતંત્રને સંવેદનશીલ મતદાન મથકોની યાદી તૈયાર કરી નિરીક્ષણ કરવા આદેશ

### સમરસ ગ્રામ પંચાયતોની વિગતો પણ તૂરત મોક્લવા ફરમાન

બાયડ, તા. ૭

ગ્રામ પંચાયતની ચૂંટણી જંગ બરાબરનો જામવાનો છે. મંગળવારે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થયા પછી ગામડામોમાં ચૂંટણી યુદ્ધ પરાકાષ્ટાએ પહોંચી શકે છે. ત્યા ૨ ઉમેદવારોની યાદી ફાઈનલ થયા પછી વહીવટીતંત્રને સંવેદનશીલ મતદાન મથકોની યાદી તૈયાર કરી નિરીક્ષણ કરવા રાજ્યકક્ષાએથી આદેશ આપવામાં આવ્યા છે. સાબરકાંઠા, અરવલ્લી મુખ્ય ચૂંટણી અધિકારી દ્વારા તમામ મામલતદારોને મતદાન મથકોની વિગતો તાકીદ મોકલવા જણાવવામાં આવ્યું છે.

વિધાનસભાનો ચૂંટણી જંગ આવતા વર્ષે યોજાવવાનો છે તે અગાઉ રાજકીય પક્ષોની સાથે અધિકારીઓ માટે પણ જિલ્લાની ૫૫૮ ગ્રામ પંચાયતોનો ચૂંટણી જંગ લીટમસ ટેસ્ટ સમાન બની શકે છે. જે રીતે ઉમેદવારીપત્રો ભરવા સમયે એક જ રાજકીય પક્ષોના કાર્યકરો અને આગેવાનોમાં જે તડા દેખાય તે જોતાં ગ્રામ પંચાયતના ચૂંટણી જંગમાં સરપંચ પદ હાંસલ કરવા માટે શામ, દામ, દંડની તમામ નીતિ અખત્યાર થવાની સાથે દારૂ અને પૈસાની મોટાપાયે રેલમછેલ થવાની દહેશત છે, ક્યાંક વાતાવરણ ડહોળાય તેવી પણ આશંકા સેવાય છે.

ભૂતકાળમાં જે વિસ્તારોમાં ચૂંટણી સમયે મામલો બિચકવાની સાથે દંગલ મચ્યા હતા તેવા વિસ્તારોમાં ખાસ નિગરાની રાખવા જિલ્લા સમાહર્તા દ્વારા સૂચનાઓ આપવામાં આવી છે. સ્થાનિક તેમજ પોલીસ રિપોર્ટના આધારે ઉમેદવારો ફાઈનલ થયા પછી સંવેદનશીલ અને અતિસંવેદનશીલ મતદાન મથકો જાહેર કરવાની સાથે ભૂતકાળમાં જ્યાં બુથ કેપ્ચરીંગ જેવી ગંભીર ઘટનાઓ બની હતી તેવા વિસ્તારોમાં એસ.આર.પી. સહિતનો ચૂસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવાઈ શકે છે.

જ્યારે શનિવારે છેલ્લા દિવસે ઉમેદવારીપત્ર રજૂ થયા પછી અનેક ગામોમાં સામૂહીક તેમજ કૌટુંબિક મીટીંગો યોજી ગ્રામ પંચાયતો સમરસ કરવા અને બહુ વિવાદ વકરતો હોય તો ચીઠ્ઠી ઉછાળી સરપંચ અને વોર્ડ સભ્યો નક્કી કરી ગ્રામ પંચાયતને સમરસ કરવાના પ્રયાસો પણ શરૂ થયા છે. કેટલીક ગ્રામ પંચાયતોમાં સરપંચપદના ઉમેદવારો એમને બિનહરીફ ચૂંટી કાઢો તો ગામના વિકાસ માટે રૂ. ૧૫ થી ૨૫ લાખ સુધીનું દાન આપવાની પણ જાહેરાત કર્યાનું જાણવા મળ્યું છે. ટૂંકમાં ભાજપના આગેવાનો માટે પોતાના વિસ્તારમાં કેટલી ગ્રામ પંચાયતો સમરસ થાય છે તેનું મૂલ્યાંકન કરી પ્રદેશ કક્ષાએ નોંધ લેવાનાર હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

## સાબરકાંઠા-અરવલ્લીની ૫૫૮ ગ્રામ પંચાયતના સરપંચ પદ માટે ૨૦૧૩ મૂરતિયા મેદાનમાં

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની મુદત પૂર્ણ કરતી તેમજ સરપંચ-વોર્ડની પેટાચુંટણી છે એવી ૫૫૮ ગ્રામ પંચાયતમાં તા.૧૯ ડિસેમ્બરે સામાન્ય ચૂંટણી યોજાશે. તા.૬ ડિસેમ્બરે ઉમેદવારીપત્ર ચકાસણી દરમ્યાન સરપંચ પદ માટે ૨૦૧૩ મૂરતિયા મેદાનમાં રહ્યા છે. મંગળવારે ઉમેદવારી પત્ર પરત ખેંચવાનો દિવસ હોવાથી આજે બુધવારે સમગ્ર ચુંટણીચિત્ર સ્પષ્ટ થશે. ઠંડીની ઉલટ સુલટમાં હવે રાજકારણમાં પણ ગ્રામ્ય સ્તરેથી નીતનવા વમળો જોવા મળતા હોય છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની ૫૫૮ ગ્રામ પંચાયતમાં ૨૦૧૩ મૂરતિયાઓએ સરપંચ પદ માટે ઝંપલાવ્યું હતું. પરત ખેંચવાને દિવસે સરપંચપદના કેટલાંક ઉમેદવારોએ પોતાના ઉમેદવારીપત્ર પર ખેંચતા કેટલાક કિસ્સાઓમાં પ્રલોભનો આપી દાવેદારી પાછી ખેંચાવી હોય તેવા લોક આક્ષેપ સાંભળવા મળ્યા છે.

## વિદેશી કંપનીના વળતરના દાવા બાદ ખેડૂતોની જીત, પેપ્સીકોને ઝટકો

### ઉત્તર ગુજરાતના ખેડૂતો હવે એફ.સી.-૫ જાતના બટાકાનું વાવેતર કરી શકશે : બીજ અધિકાર પર તરાપ મારવાના કેસમાં ઐતિહાસિક ચૂકાદો

બાયડ, તા. ૭

ઉત્તર ગુજરાતમાં બટાકાના બીજ ઉત્પાદનના અધિકાર ઉપર તરાપ મારી ધનસુરા અને વડાલી મારવાના ઈરાદે વડાલી તાલુકામાં બોગસ સ્ટીંગ ઓપરેશન કરાયા પછી બટાકાની સીઝનમાં વડાલી ઉપરાંત ધનસુરા તાલુકાના તૈયાર કરવા લાગ્યા છે. હમણાં સુધી વિદેશી કંપનીઓનો દબદબો બટાકાની કેટલીક જાતોમાં જોવા મળ્યો જેમાં કોમર્શિયલ કોર્ટમાં કંપની દ્વારા દાવો કરવામાં આવ્યો હતો. ખેડૂતો ઉપર ધાક જમાવવાના પ્રયાસરૂપે બટાકાની જાત પર પડી છે. હવેથી ખેડૂતો એફ.સી.-૫ જાતના બટાકાનું વાવેતર કરી શકશે અને કોર્ટના ચૂકાદા સાથે આક્રોશ ઉભો થયો હતો. જેમાં

તાલુકા સહિતના ખેડૂતો ઉપર કરોડો રૂપિયાના દાવાનો કેસ કરનાર વિદેશી કંપની પેપ્સીકોનો કોર્ટમાં પરાજય થતાં ઉત્તર ગુજરાતના જિલ્લાના ખેડૂતોમાં ખુશીની લહેર ફરી વળી છે. બટાકાની જાત પરના બૌદ્ધિક સંપદો અંગેના પેપ્સીકોના અધિકારો મુદ્દે વિદેશી કંપનીનો કોર્ટમાં પરાજય થયો છે. કંપની દ્વારા ખેડૂતોના અધિકારો ઉપર તરાપ ખેડૂતોને નોટિસ આપી કોર્ટમાં કરોડો રૂપિયાનો દાવો કરવામાં આવ્યો હતો પરંતુ આખરે ચૂકાદો ખેડૂતોની તરફેણમાં આવ્યો છે જેથી બટાકાની એફ.સી.-૫ નામની જાત પરના પેપ્સીકોના અધિકારો ખતમ થયા છે.

ખેડૂતો હવે આધુનિક વૈજ્ઞાનિક ઢબની ખેતીથી પાક ઉત્પાદનમાં ફાયદો મેળવવાની સાથે ઉચ્ચ ગુણવત્તાના બિયારણો કંપનીના કહેવાતા અધિકારીના નામે પ્રગતિશીલ ખેડૂતોને કોર્ટનો ડર બતાવી બીજ સંપદાના અધિકારીથી દૂર કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. જેમાં અમેરીકાની મલ્ટીનેશનલ કંપની પેપ્સીકો દ્વારા વર્ષ-૨૦૧૯ના સમયમાં ઉત્તર ગુજરાતના ધનસુરા તેમ જ વડાલી સહિતના તાલુકાઓમાં કેટલાક ખેડૂતોનું સ્ટીંગ ઓપરેશન કરી પ્રતિ ખેડૂત ૧.૦૫ કરોડ લેખે કંપનીએ પોતાના બૌદ્ધિક સંપદાના અધિકારો જમાવવાનો જે તે સમયે પ્રયાસ કર્યો ત્યારે ખેડૂતોમાં જબ્બર આક્રોશ ઉભો થયો હતો. જેમાં તાજેતરમાં ખેડૂતો ઉપર કરેલા પેપ્સીકો કંપનીના વળતરના દેવાનો ચૂકાદો ખેડૂતોની તરફેણમાં આવતાં ખેડૂતોમાં હરખ છવાયો છે. મલ્ટીનેશનલ કંપનીને વળતરના દેવામાં મોટી હાર સહન કરવી તાજેતરમાં ખેડૂતો ઉપર કરેલા પેપ્સીકો કંપનીના વળતરના દાવાનો ચૂકાદો ખેડૂતોની તરફેણમાં આવતાં ખેડૂતોમાં હરખ છવાયો છે. મલ્ટીનેશનલ કંપનીને વળતરના દેવામાં મોટી હાર સહન કરવી પડી છે. હવેથી ખેડૂતો એફ.સી.-૫ જાતના બટાકાનું વાવેતર કરી શકશે અને કોર્ટના ચૂકાદા સાથે જ પેપ્સીકોના અધિકારો રદ થયા છે.

### સરકારના હસ્તક્ષેપથી કેસ પરત ખેંચ્યા પણ હક્કનો દાવો યથાવત રાખ્યો હતો

ખેડૂતોને બટાકાના બીજ સંપદાના અધિકારોથી દૂર કરવા માટે વિદેશી કંપની પેપ્સીકોએ ઉત્તર ગુજરાતના ધનસુરા, વડાલી સહિતના અનેક ખેડૂતો ઉપર કરોડો રુપિયાના દેવા સાથે કેસ કરતાં ખેડૂતોમાં રોષ ફાટી નિકળ્યો વર્ષ-૨૦૧૮-૧૯ના સમયગાળામાં અધિકાર ભંગના ખોટા આરોપ સાથે કંપનીએ ખેડૂતોને કોર્ટમાં ઢસડી જતાં આખરે સરકારના હસ્તક્ષેપથી કેસ પરત ખેંચી લીધા હતા પરંતુ પોતાનો હક્ક જતો કર્યો હતો. જેમાં ખેડૂત સંગઠનોએ વર્ષ-૨૦૧૯માં પ્રોટકશન ઓફ પ્લાન્ટ વેરાઈટીઝ સામે પેપ્સીકોની જાત એફ.સી.-૫ના રજીસ્ટ્રેશન પ્રક્રીયાની તૃટીઓ અને અધિકારીના દૂરપયોગ અંગે જાહેર હીત વિરુદ્ધની જાહેર નોંધણી રદ કરવા કોર્ટમાં અરજી થઈ જેમાં ૩૦ મહિનાના કાનૂની સંઘર્ષ પછી કંપનીને પોતાના કહેવાતા અધિકારોથી હાથ ધોવા પડ્યા છે.

### ઓછા ભાવે બિયારણ કંપનીને ન આપતાં ખોટા કેસ કરાયા : ખેડૂતો

બટાકાની એફ.સી.૫ જાત પરથી મલ્ટીનેશનલ કંપની પેપ્સીકોનો અધિકાર દૂર થતાં ખેડૂતોની લાંબી લડતમાં જીત થઈ છે. કંપની દ્વારા ઉત્તર ગુજરાતના અનેક ખેડૂતો ઉપર વળતરનો દાવો કરી પેપ્સીકો કંપનીએ બીજ ઉપર પોતાનો હકક દોબી રાખ્યો જેમાં આખરે ચૂકાદો ખેડૂતોની તરફેણમાં આવ્યો છે ત્યારે ધનસુરા તાલુકાના વખતપુરા કંપાના ખેડૂત ભરતભાઈ બાબુભાઈ પટેલ, પ્રભુદાસ બાબુભાઈ પટેલ, વિનોદ અંબાલાલ પટેલ, પ્રેમનગરના જીતુભાઈ પટેલ અને કિશોરપુરાના જીગરભાઈ પટેલ વગેરે ખેડૂતોમાં વિદેશી કંપનીના હારના ચૂકાદાથી આનંદ છવાયો છે. ખેડૂતોએ જણાવેલ કે કંપની દ્વારા જે તે સમયે બટાકાના ઉચ્ચ ગુણવત્તાની ખરીદીમાં બજાર ભાવ મણ દીઠ રૂ ૨૩૦ ચાલતો હતો પરંતુ મલ્ટીનેશનલ કંપનીએ ખેડૂતો પાસે રૂ. ૧૮૦માં તેની માંગણી કરી હતી જે ખેડૂતોએ અસ્વીકાર કરતાં બીજ ઉપર પોતાનો દાવો જતાવી ખોટા કેસ કરવામાં આવ્યાનું જણાવ્યું હતું.